# उत्तर गुजरातनी बोलीमां वपराता केटलाक शब्दो

– डॉ. रमेश आ. ओझा

## आथर

उत्तर गुजरातमां गधेडा पर जे गोदडी डळी साथे गोठवीने पराठ वडे बांधवामां आवे छे ते गोदडीने 'आथर' कहे छे.

जो.को.मां **आथरना** अर्थ आ प्रमाणे आपेला छे ..... "घासनो थर (२) पछेडी; पाथरणुं, मोद (३) गधेडा उपर नाखवानी डळी ०ण न. चादर, ओछाड (४) पथारी, बिस्तरो."

बृ.गु.को.मां **आथरना** अर्थ आ प्रमाणे आपेला छे ...... "पुं. [सं. आ-**स्तर** —> प्रा. **अत्थर**] नीचे पाथरवानुं जाडुं पाथरणुं (२) गधेडा उपर नाखवानी डळी (३) बूंगण, मोद (४) अनाजनी खाणमां अनाज बगडी न जाय ए माटे एनी बाजरानी के बीजी कडबना पूळानो करवामां आवतो थर."

टर्नर क्रमांक १५०५ सं. **आस्तर** (āstara) **आस्तरण** तकियो, पथारी प्रा. **अत्थर** ओढणुं शब्दो नोंधे छे. क्रमांक १५०७ **आस्तरति** 'आथरवुं', 'पाथरे छे' नोंधे छे. क्रमांक १५०६ मां **आस्तरण** – मरणकाळे घासनी पथारी उपर जे मरवानो छे तेने मूकवामां आवे छे ते – शब्दनी नोंध छे. जैनोमां तेने 'संथारो' कहे छे. टर्नर क्रमांक १३०४२मां नोंधे छे : saṁstaram 'layer of grass or leaves, bed, conch.'

### आथर भरवो

इंटो पकवती वेळा बळतण तरीके कोलसो, कोलसी, लाकडां वरियाळी-कपासनी डांखळीनो थर करवामां आवे, एवा पर इंटो खडकवामां आवे एने **आथर भरवो**, **थर भरवो** कहे छे. बृ.गु.को. **आथरो** शब्द नोंधे छे. **आथरो पुं**...... "आथर + गु 'ओ' स्वार्थे त. प्र. वासण पकववा माटे बनावेलो कांटा के कूचानो थर."

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ओडवो

र गुजरातमां इंटो पाडतां जरूरी पाणी भरी राखवा माटे जे खाडो करवामां आवे तेने ओडवो कहे छे.

जो.मां आ शब्दनी नोंध नथी. भ.गोमं. अने बृ.गु.को.मां "ओथमां बेसाय तेवो डो, चाकडा उपरनो चाक फेरववा माटेनो खाडो" एवो अर्थ आपेलो छे.

ांत बृ.गु.को.मां **ओडो**[1] नो अर्थ 'पाणी अटकाववानी पाळ' एवो आप्यो छे. ठी जो.को.मां **ओडवुं** एवो शब्द 'खाळवुं, रोकवुं' एवो आपेल छे अने **हिं** **ोड** नी सरखामणी माटे नोंध्यो छे.

२. व्युत्पत्ति

र्नर क्रमांक ७७४मां नोंधे छे : वैदिक **अवत** 'कूवो, टांकु.', प्रशिष्ट संस्कृत **अवट** 'भोंयमांनो खाडो' प्राकृत **अवड** > **अवडअ** 'कूवो' **अगड** 'कूवो, हवाडो' भोज **ओड** 'खाडो'.

३. ओडवो

गुजराती भाषानो अंगविस्तार प्रत्यय **वो** लागतां, **ओडवो** शब्द बने छे, जे प्रत्ययथी कशो अर्थभेद थतो नथी के अर्थमां फरक पडतो नथी.

★

## छारुं

'**छारुं** ' के '**छार**' शब्द 'इंटवाडानो घसाइने पडेलो भूको' ए अर्थरूपे कोशो नोंधे छे. '**छारवुं**' क्रियापद पण 'इंटवाडानो भूको दबाववो' एवा अर्थमां वपरातुं नोंध्युं छे.

'**छार**' (स्त्री) 'राख' एवो अर्थमां अने तेना उपरथी क्रियापद '**छारवुं**'– 'बाळीने खाख करवुं' एवा अर्थमां कोशो आपे छे. सं. **क्षार**, प्रा. **खार, छार** अने तेना परथी भारतीय भाषाओमां शब्दो ऊतरी आव्या छे. टर्नर शब्द क्रमांक ३६७४.

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ટેયલી

उत्तर गुजरातना महेसाणा जिल्लामां 'टेयली' शब्द मोटेभागे प्रचलित छे, कसली नहि, लोटी क्वचित् ज.

सा.जो.को. अने बृ.श.को. **'टेयलुं'** अने **'टेयली'** बंने शब्दो नोंधे छे. **'टेयलुं'** नो अर्थ 'घी-तेल भरवानी रोजना वपराशनी पहोळा मोंनी लोटी के कसली', पाणी के दूध टेवानुं वासण, तेने **'टेवुं'** पण कहे छे. ज्यारे **'टेयली'** रसोडामां रोजना वपराश माटे घी-तेलने राखवा माटे, साधारण रीते पित्तळनी बेठा मोंनी ने नीची होय छे. अने आना मूळमां **'टेवुं'** क्रियापद छे, जेनो अर्थ छे 'टींपे टींपे पावुं' आटलुं ज नहि पण 'थोडुं थोडुं वपराशमां लेवुं' आमां सरळता, सुगमता अने करकसरनो भाव रहेलो छे.

'टेयो' 'खेतर के सीमनुं रखेवाळुं करतो रखोपियो' ए जुदो शब्द छे.

★

## पराठ

कोशमां **'पराट'** एवुं शब्दरूप आप्युं छे, जेनो अर्थ छे 'गधेडा पर भीडवाना काममां आवती बकराना वाळनी दोरी'. बृ.गु.को.मां एने 'दोरी' ने बदले 'गादी' कही छे ते भूल छे.

उत्तर गुजरातमां महेसाणा जिल्लामां 'ठ'वाळुं शब्दरूप अने एवी वाळ के चींथरांमांथी बनावेली दोरी (दोरडा जेवी) वपराय छे, जे मोटेभागे चप्पट वणेली होय छे, (नाग सरानी) जेथी प्राणीने खूंचे नहि.

पूरक नोंध : सं. आस्तृत प्रा. अट्ठिय ('ऋ' कारने लीधे दंत्य 'त्थि' ने बदले मूर्धन्य 'ट्ठि'

**पर + अट्ठिय = परट्ठिय**नो अर्थ 'उपर बांधवा माटे जे वपराय छे ते' एवी व्युत्पत्ति करी शकाय. जो के आ एक अटकळ छे.

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## वक्कीतीती

**टींटोळी :** सं. **टिट्टिभ**, प्रा. **टिट्टिह** टिट्टिह + ड के डी = टिटोडो, टिटोडी.

**संस्कृत** शब्दना मूळमां ए पक्षी जे लाक्षणिक रीते बोले छे ते 'टिटि' शब्दने प्राणीवाचक शब्दोमां जोवा मळतो 'भ' प्रत्यय लाग्यो छे. (ऋषभ, गर्दभ, करभ, कलभ, डिंडिभ वगेरे)

**सौराष्ट्र**नी बोलीओमां 'टिटोडी' शब्द छे, महेसाणा जिल्लामां तेने माटे **वक्कीतीती** शब्द प्रचलित छे. देखीती रीते ज ते रवानुकारी छे. नानपणमां वडनगरना शमेळा तळावना बेट पर **वक्कीतीती** इंडां मूके ते जोवा अमे जता. लोकोमां मान्यता हती के **वक्कीतीती** ज्यां इंडां मूके त्यां सुधी वरसादनां पाणीथी तळाव भराय छे.

पंचतंत्रनी वार्ता जाणीती छे के आकाश नीचे पडे तो पोतानां बच्चां दबाइ न जाय ते माटे **टिटोडी** पग ऊंचा राखीने सूवे छे. पंचतंत्रनी बीजी एक कथा पण जाणीती छे. दरियानी भरतीमां कांठे रहेलां **टिटोडी**नां इंडां तणाइ जाय छे त्यारे पक्षीराज गरुड सहित बीजां पक्षीओने बोलावी चांचथी दरियानुं पाणी उलेचवानुं कहे छे. ने दरियो त्यां इंडां पाछां किनारे मूकी आपे छे. अने सुंदरम्‌नी ने 'दरियाना तीर एक टटळे टिटोडी' आ कथावस्तु परथी रचायेली, जाणीती रचना छे.

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org